Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# યુનિવર્સિટી પરિસરમાં Department of Commerce ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧- ૨૦૨૨ થી સ્વનિર્ભર ધોરણે સાંજના સમયે (3.30 p.m. To 7.30 p.m.) ચાલુ થનાર M.Com Financial and Management Accounting (1 Division English Medium and 1 Division Gujarati Medium) માં પ્રવેશ અંગેની જાહેરાત

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિસરમાં Department of Commerce ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૦૨૨ થી સ્વનિર્ભર ધોરણે **M.Com Financial and Management Accounting** નો અભ્યાસક્રમ **સાંજના સમયે (3.30 p.m. To 7.30 p.m.)** ચાલુ થનાર હોઈ આ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓએ આ સાથે સામેલ નિયત નમુનાના ફોર્મ માં યુનિવર્સિટી પરિસર ખાતે Department of Commerce માં પોતાની અરજી તારીખ ૨૫/૧૧/૨૦૨૧ સુધીમાં જમા કરાવવાની રહેશે.

## પ્રવેશ માટે મેરીટ ની ગણતરી નીચે મુજબ કરવામાં આવશે

| |
|---|
| **સેમેસ્ટર પદ્ધતિ ના વિદ્યાર્થીઓ માટે**<br>સેમેસ્ટર - ૧ થી સેમેસ્ટર -૪ ના કુલ ગુણ (ઇન્ટર્નલ તથા એક્સ્ટર્નલ બંને મળીને થતા કુલ ગુણ) નો ભારાંક ૫૦% તથા સેમેસ્ટર - ૫ ના કુલ ગુણ (ઇન્ટર્નલ તથા એક્સ્ટર્નલ બંને મળીને થતા કુલ ગુણ) નો ભારાંક ૫૦%<br>**વાર્ષિક પદ્ધતિ ના વિદ્યાર્થીઓ માટે**<br>એફ.વાય ના કુલ ગુણ (ઇન્ટર્નલ તથા એક્સ્ટર્નલ બંને મળીને થતા કુલ ગુણ) નો ભારાંક ૫૦% તથા એસ.વાય ના કુલ ગુણ (ઇન્ટર્નલ તથા એક્સ્ટર્નલ બંને મળીને થતા કુલ ગુણ) નો ભારાંક ૫૦% |
| **ટાય બ્રેકર :**<br>જો ઉપરોક્ત પદ્ધતિ મુજબ ગણતરી કરતાં બે કે તેથી વધુ વિદ્યાર્થીઓના મેરીટ માર્ક એક સરખા આવે (ટાય થાય) તેવા કિસ્સામાં<br>- સેમેસ્ટર પદ્ધતિ વાળા વિદ્યાર્થીઓના કિસ્સામાં જે વિદ્યાર્થીના સેમેસ્ટર - ૫ ના માર્ક્સ વધુ હોય અને વાર્ષિક પદ્ધતિ વાળા વિદ્યાર્થીઓના કિસ્સામાં જે વિદ્યાર્થીના એસ.વાય. ના માર્ક્સ વધુ હોય તેનો મેરીટ ક્રમાંક આગળ ગણાશે |

| |
|---|
| - સેમેસ્ટર - ૫ તથા એસ.વાય ના માર્ક્સ મુજબ ગણતરી કરતાં પણ જો મેરીટ માર્ક્સ સરખા થતા હોય તેવા કિસ્સામાં સેમેસ્ટર પદ્ધતિ વાળા વિદ્યાર્થીઓના કિસ્સામાં જે વિદ્યાર્થીના સેમેસ્ટર ૧ થી સેમેસ્ટર ૪ ના માર્ક્સ તથા વાર્ષિક પદ્ધતિ વાળા વિદ્યાર્થીના કિસ્સામાં એફ.વાય ના માર્ક્સ વધુ હોય તેનો મેરીટ ક્રમાંક આગળ ગણાશે.<br>- ઉપરોક્ત બંને પદ્ધતિઓ મુજબની ગણતરી કર્યા બાદ જો મેરીટ માર્ક્સ સરખા થતા હોય અને ટાય બ્રેક ના થાય તો જન્મ તારીખ મુજબ જે વિદ્યાર્થી મોટો હોય તે વિદ્યાર્થી નો મેરીટ ક્રમાંક આગળ રહેશે.<br>- ઉપરોક્ત ત્રણ પદ્ધતિ મુજબ ની ગણતરી કર્યા બાદ જો ટાય બ્રેક ન થતી હોય તેવા કિસ્સામાં જે વિદ્યાર્થીએ પ્રથમ ફોર્મ ભરેલ હશે તેનો મેરીટ ક્રમાંક આગળ ગણાશે. |
| જે વિદ્યાર્થીએ સ્નાતક અભ્યાસક્રમ ની પરીક્ષા પાસ કરી દીધી છે તેવા વિદ્યાર્થીઓનું મેરીટ પણ ઉપરોક્ત પદ્ધતિ થી જ ગણવામાં આવશે. તથા જે વિદ્યાર્થીઓ નાપાસ થયેલા છે અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૦૨૨ ના પ્રથમ સત્રને અંતે લેવાનાર પરીક્ષા દરમ્યાન પરીક્ષામાં બેસનાર છે તે વિદ્યાર્થીઓનું પરિણામ જાહેર થશે ત્યારબાદ પણ જાહેર થયેલ પરિણામને આધારે મેરીટ માં કોઈ સુધારો કરવામાં આવશે નહિ અને ઉપરોક્ત પદ્ધતિના મેરીટ અનુસાર જ પ્રવેશ પ્રક્રિયા કરવામાં આવશે. |

વિદ્યાર્થીઓને ફાળવવામાં આવનાર પ્રવેશ પ્રોવિઝનલ ગણાશે, કોઈપણ તબક્કે રજૂ કરેલ દસ્તાવેજ (ડોક્યુમેન્ટ) ની સત્યતા બાબતે અથવા પ્રવેશ માટેની નિર્ધારિત લાયકાતની પરિપૂર્ણતા અંગે કોઈ વિસંગતતા ઊભી થાય તેવા સંજોગોમાં પ્રવેશ રદ કરવા સહિતનો યુનિવર્સિટીનો નિર્ણય આખરી ગણાશે.

જે વિદ્યાર્થીઓ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૦૨૧ ને અંતે લેવાયેલ સ્નાતક કક્ષાની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ શક્યા નથી (નાપાસ થયેલા છે) તેવા તેવા વિદ્યાર્થીઓ પણ પ્રોવિઝનલ પ્રવેશ મેળવવા માટે લાયક બનશે પરંતુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૦૨૨ ના પ્રથમ સત્રને અંતે લેવાનાર પરીક્ષાનું આવા વિદ્યાર્થીઓનું સ્નાતક કક્ષાનું પરિણામ જાહેર થતાં જો જે તે અભ્યાસક્રમ માટે નિર્ધારિત કરવામાં આવેલ લાયકાત (એલિજિબિલિટી) પરિપૂર્ણ ન કરે તેવા સંજોગોમાં પ્રોવિઝનલ પ્રવેશ આપોઆપ રદ થશે.

ઈ.ચા.કુલસચિવ

પી.જી./પ્રવેશ/૧૭૬૫૭/૨૦૨૧
તારીખ : ૧૫/૧૧/૨૦૨૧

પ્રતિ,

1. યુનિવર્સિટી પરિસર ખાતે Department of Commerce માં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૦૨૨ થી સ્વનિર્ભર ધોરણે ચાલુ થનાર **M.Com Financial and Management Accounting** માં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ તરફ સત્વરે પ્રવેશ મેળવી લેવાની કાર્યવહી કરવા અંગે.

2. Co-ordinator, Department of Commerce, વિભાગ ખાતે ફોર્મ સ્વીકારી, ઉપરોક્ત નિયમો અનુસાર મેરીટ તૈયાર કરી પ્રવેશ અંગેની ઘટતી કાર્યવાહી કરવા સારું.